# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

જિલ્લા સેવા સદન–૨,એનેક્ષી બિલ્ડીંગ, એસ.૪,૫,૬,ભાવનગર
ફોન નં.(૦૨૭૮) ૨૪૨૬૬૨૯, મો. ૯૯૦૯૯૭૦૨૧૨
Email : bhavdeo@gmail.com, Blog: http://deobhav.blogspot.com/

સત્યમેવ જયતે

YEARS OF CELEBRATING THE MAHATMA

ક્રમાંક: યોજના/પરચ/૫૦૧/૨૦૧૮ તા.૦૬/૧૨/૨૦૧૮

પ્રતિ,
આચાર્યશ્રી
સરકારી/બિન-સરકારી
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા તમામ
જિલ્લો- ભાવનગર

વિષય : "ટીમ ટીમ તારા" પ્રોજેક્ટ અમલીકરણ બાબત
સંદર્ભ : આપની કચેરીના પત્રાંક મઉમશબ/સંશોધન/૨૦૧૮/૫૩૬૨-૯૭ તા.૦૪/૧૨/૨૦૧૮

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે "ટીમ ટીમ તારા" પ્રોજેક્ટ અપરાજિથા ફાઉન્ડેશનના સહયોગથી બાયસેગના માધ્યમથી 'વંદે ગુજરાત' ચેનલ પર પ્રસારણ કરવામાં આવનાર છે. જેની દરેક શાળાએ નોંધ લેવી અને આ કાર્યક્રમના અમલ અંગેનો અહેવાલ ફોટોગ્રાફ સહિત નોડલ ઓફિસર શ્રી આર.કે.પંડ્યાને મોકલવાનો રહેશે.

બિડાણ: સંદર્ભદર્શિત પત્રની નકલ

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

**નકલ રવાના અમલવારી સારૂ:**

શિ.ની.શ્રી- તમામ
મ.શિ.ની.શ્રી-તમામ

Scanned by CamScanner

અગત્યનું

ક્રમાંક:/મઉમશબ/સંશોધન/૨૦૧૮/૫૩૬૨-૯૭
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૦૪/૧૨/૨૦૧૮

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય:- 'ટીમ ટીમ તારા' પ્રોજેક્ટના અમલીકરણ બાબત.

સંદર્ભ:- ગુ.મા.ઉ.મા.શિ.બોર્ડની તા.૦૧/૧૦/૨૦૧૮ની શૈક્ષણિક સમિતિની બેઠકનો ઠરાવ ક્રમાંક:૯૬(૩)/૨૦૧૮

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા સંદર્ભ દર્શિત ઠરાવથી કરવામાં આવેલ નિર્ણય મુજબ ધોરણ-૯ થી ૧૨માં વિદ્યાર્થીઓ માટે ઉપયોગી થાય તેવો જીવન કૌશલ્યો અંગેનો 'ટીમ ટીમ તારા' પ્રોજેક્ટ અપરાજિથા ફાઉન્ડેશનના સહયોગથી અમલમાં મૂકવામાં આવનાર છે. આ પ્રોજેક્ટ અંતર્ગત બાયસેગના માધ્યમથી 'વંદે ગુજરાત' ચેનલ નં.-૯ થી ૧૨ પરથી "જીવન કૌશલ્યો" અંગેના કાર્યક્રમોનું પ્રસારણ કરવામાં આવનાર છે. આ કાર્યક્રમનો હેતુ વિદ્યાર્થીઓ સાચા જીવન કૌશલ્યોથી પરિચિત થાય અને તેઓના જીવનમાં તેનું અનુકરણ કરી તેઓ સાચી દિશામાં આગળ વધી શકે તે માટેનો છે.

આ કાર્યક્રમનું પ્રસારણ અઠવાડિયામાં એક વાર એક કલાક માટે કરવામાં આવશે. તેમજ તેનું પુનઃપ્રસારણ પણ કરવામાં આવશે. આ કાર્યક્રમ ધોરણ-૯ અને ૧૧ના વિદ્યાર્થીઓ માટે ફરજિયાત અને ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે મરજિયાત રહેશે. ધોરણ-૯ અને ૧૦ માટે આ કાર્યક્રમનું પ્રસારણ દર બુધવારે સવારે ૧૦:૦૦ થી ૧૧:૦૦ કલાક દરમિયાન કરવામાં આવશે અને તેનું પુનઃપ્રસારણ સાંજે ૪:૦૦ થી ૫:૦૦ દરમિયાન કરવામાં આવશે. ધોરણ-૧૧ અને ૧૨ માટે આ કાર્યક્રમનું પ્રસારણ દર ગુરૂવારે સવારે ૧૦:૦૦ થી ૧૧:૦૦ કલાક દરમિયાન કરવામાં આવશે અને તેનું પુનઃપ્રસારણ સાંજે ૪:૦૦ થી ૫:૦૦ દરમિયાન કરવામાં આવશે. શાળાના વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમ નિહાળવાનો રહેશે તેમજ તેમાં આપવામાં આવેલ સૂચના અનુસાર પ્રવૃત્તિ કરવાની રહેશે. શાળાના શિક્ષકોએ આ માટે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવાનું રહેશે.

આ કાર્યક્રમના અસરકારક અમલીકરણ માટે આપની કચેરીના એક શિક્ષણ નિરીક્ષક/મદદનીશ શિક્ષણ નિરીક્ષકને નોડલ ઓફિસર તરીકે નિમણૂક આપવાની રહેશે.

R.K. Pandya

શાળાના આચાર્યશ્રીએ તેઓની શાળામાં આ કાર્યક્રમના અમલ અંગેનો અહેવાલ ફોટોગ્રાફ સહીત નોડલ ઓફિસરને મોકલવાનો રહેશે. નોડલ ઓફિસર દ્વારા સમગ્ર જિલ્લાનો અહેવાલ બોર્ડને મોકલવાનો રહેશે. આ કાર્યક્રમનું માર્ગદર્શન તેમજ દેખરેખ અપરાજિથા ફાઉન્ડેશનની ટીમ દ્વારા કરવામાં આવશે. તેથી તેઓને આ કાર્યક્રમ અંગે સહકાર આપવા વિનંતી.

આ પ્રોજેક્ટ અંગે શાળાના આચાર્યશ્રીઓ અને શિક્ષકોને માર્ગદર્શન મળી રહે તે હેતુથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા બાયસેગના માધ્યમથી જીવંત પ્રસારણનો કાર્યક્રમ કરવામાં આવશે. જેની તારીખ અને સમય હવે પછી જણાવવામાં આવશે.

ઉક્ત વિગતો આપના તાબાની તમામ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારૂં મોકલી આપવા વિનંતી.

(બી. એન. રાજગોર)
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

નકલ સવિનય રવાના:-

- માન. અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.

નકલ રવાના:-

સિનિયર પ્રોજેક્ટ મેનેજરશ્રી, અપરાજિથા ફાઉન્ડેશન- અમદાવાદ.

Scanned by CamScanner